# સંગ્રામ ગુજરાતનો

# ગુજરાતમાં મોદી ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરશે

## રેલીઓ આગામી સપ્તાહથી થઈ શકે છે શરૂ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમોને ૧૨ નવેમ્બર સુધીમાં અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવશે

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે. વિધાનસભાની ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર-પ્રસારથી લઈ તમામ તૈયારીઓ કરી રહ્યાં છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ચૂંટણી જીત માટે રાજકીય બેઠકોનો દાવપેચ શરૂ કરી દીધો છે. ભાજપે ગતરોજ ૧૬૦ ઉમેદવારોની યાદી પણ જાહેર કરી દીધી છે. તો કોંગ્રેસે પણ ગતરોજ ૪૬ ઉમેદવારોની બીજી યાદી પણ જાહેર કરી દીધી છે. આગામી વિધાનસભાની ચૂંટણીના પ્રચાર અભિયાનનું પીએમ મોદી નેતૃત્વ કરવા જઈ રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ગૃહ રાજ્ય ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી પ્રચાર અભિયાનનું નેતૃત્વ કરશે. તેઓ લગભગ ૨૫ રેલીઓ કરશે તેવી આશા છે, જેના દ્વારા સત્તાધારી પક્ષનું લક્ષ્ય ૧૫૦ વિધાનસભા ક્ષેત્રોમાં મતદારો સુધી પહોંચવાનું છે. આ રેલીઓની તારીખોને વડાપ્રધાન કાર્યાલયમાંથી પીએમ મોદીના કાર્યક્રમને મંજૂરી મળ્યા બાદ અંતિમ રૂપ આપવામાં આવશે. પીએમ મોદી સહિત સ્ટાર પ્રચારકોના નેતૃત્વમાં આ ચૂંટણી રેલીઓ આગામી સપ્તાહથી શરૂ થાય તેવી આશા છે. પીએમ મોદીના કાર્યક્રમોને ૧૨ નવેમ્બર સુધીમાં અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવશે. પીએમ મોદી ઉપરાંત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ભાજપના સ્ટાર પ્રચારક તરીકે ગુજરાતનો પ્રવાસ કરશે. ભાજપે ૩૫થી વધુ સ્ટાર કેમ્પેઈન ચૂંટણીના મેદાને ઉતાર્યા છે. ૧૦થી વધુ કેન્દ્રીય નેતાઓ ગુજરાતમાં પ્રચાર કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડા ૨૦થી વધુ સભાઓ કરશે. સાથે કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, નીતિન ગડકરી, અર્જુન મુંડા પણ સભા ગજાવશે.આ ઉપરાંત સ્મૃતિ ઈરાની, ધર્મેન્દ્રપ્રધાન, ભુપેન્દ્ર યાદવ, શિવરાજસિંહ ચૌહાણ, યોગી આદિત્યનાથ, દેવેન્દ્ર ફડણવીસ ગુજરાતમાં પ્રચાર માટે આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણી પંચની જાહેરાત પ્રમાણે રાજ્યમાં બે તબક્કામાં ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કા માટે પહેલી ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે, જ્યારે બીજા તબક્કા માટે પાંચમી ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે. ચૂંટણી પરિણામ આઠમી ડિસેમ્બરનારા રોજ જાહેર કરવામાં આવશે.



વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને તંત્ર દ્વારા સંવેદનશીલ તથા અતિસંવેદનશીલ મતદાન મથકો જાહેર કરી દેવાયા છે. અતિ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા વિશેષ સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેના ભાગરૂપે પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.

# ઘરવાપસી કરનારા ઈન્દ્રનિલ રાજગુરુને રાજકોટ પૂર્વથી ટિકિટ

## કોંગ્રેસે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી : પાર્ટી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૯૬ ઉમેદવારો જાહેર

અમદાવાદ, તા.૧૧

વિધાનસભા ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર-પ્રસારથી લઈ તમામ તૈયારીઓ કરી રહ્યાં છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ચૂંટણી જીત માટે રાજીકીય બેઠકોનો દાવપેચ શરૂ કરી દીધો છે. ભાજપે ૧૬૦ બેઠકો પર ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. આમ આદમી પાર્ટીએ પણ કેટલીક બેઠકો પર મુરતિયા ઉતારી દીધા છે. ત્યારે કોંગ્રેસે અગાઉ જાહેર કરેલી ૪૩ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી ત્યારબાદ બીજી યાદી પણ જાહેર કરી છે. કોંગ્રેસે ગુરુવારે ૧ અને ૫ ડિસેમ્બરે બે તબક્કામાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની ત્રીજી યાદી બહાર પાડી છે. જે અનુસાર ઘરવાપસી કરનારા ઈન્દ્રનિલ રાજગુરુને રાજકોટ પૂર્વમાંથી ટિકિટ આપી છે.

ઉલ્લેખનીય છે કે, પાર્ટી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૯૬ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસે ગુરુવારે ૪૬ અને ગત અઠવાડિયે શુક્રવારે ચૂંટણી માટે ૪૩ ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પાડી હતી.

**કોને ક્યાંથી મળી ટિકિટ**

૧. બચુભાઈ અરેઠિયા- રાપર
૨. તરૂણ ગઢવી- વઢવાણ
૩. ઈન્દ્રનિલ રાજગુરુ- રાજકોટ પૂર્વ
૪. કીર્તિ બોરીસાગર- ધારી
૫. હરેશ વસાવા- નાંદોદ- ST
૬. દીપક બારોટ- નવસારી
૭. અશોક લલ્લુભાઈ પટેલ- ગણદેવી

કોંગ્રેસની ત્રીજી યાદી બહાર પાડવામાં આવી છે, તેમાં માત્ર એક બેઠક ગણદેવીમાં શંકરભાઈ પટેલને રિપ્લેસ કરીને અશોકભાઈને ટિકિટ આપવામાં આવી છે.

**અભેદ્ય ગઢ ભેદવા ઉતર્યા આપના મુખ્યમંત્રી પદના દાવેદાર ગઢવી**

# સાત વખત જીતેલા ભાજપના કદાવર નેતા પબુભા માણેકની સામે ઈસુદાન

## આપે ઈસુદાન ગઢવી મેદાનમાં ઉતર્યા છે : દરવખત ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ જંગ જામતી હતી પરંતુ આ વખતે ત્રિપાંખીયો જંગ જામશે

દ્વારકા,તા.૧૧

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો રણશિંગૂ ફંકાઈ ગયું છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ચૂંટણી જીત માટે દાવે પેચ શરૂ કરી દીધા છે. આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે ઈસુદાન ગઢવીની જાહેરાત કરી છે અને જેઓ દ્વારકા બેઠક પરથી ચૂંટણી લડવાના છે. પક્ષ દ્વારા દ્વારકા અને ખંભાળિયા બેઠક તેમના માટે છોડી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈસુદાન ગઢવી દ્વારકાથી ચૂંટણી લડવાના છે અને જો આ સમીકરણ યોગ્ય સાબિત થાય તો ઈસુદાન ગઢવી સાત વખત ધારાસભ્યની ચૂંટણી જીતેલા કદાવર નેતા પબુભા માણેકની સામે ટક્કર લેશે. તેમનો ઈતિહાસ કંઈ આ રીતે છે પબુભા માણેક ૧૯૯૦થી સતત દ્વારકામાંથી જીતી રહ્યા છે. તેઓ અપક્ષ તરીકે પ્રથમ ત્રણ ચૂંટણી જીત્યા હતા તો ત્યારબાદ ૨૦૦૨માં પંજાના નિશાન પર ચૂંટણી જીત્યા હતા તેમજ ત્યારબાદ પબુભા માણેક પક્ષ પલટો કરીને ભાજપમાં જોડાયા હતા અને જેઓ વર્ષ ૨૦૦૭, ૨૦૧૨ અને ૨૦૧૭ની ચૂંટણીમાં વિજયી થયા વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં પબુભા માણેકને ૭૩,૪૩૧ વોટ મળ્યા મળ્યા હતા અને તેમણે ૫,૭૩૯ મતોથી કોંગ્રેસના ઉમેદવાર આહિર મેરામણ મારખીને હરાવ્યા હતા. આ વખતે ઈસુદાન ગઢવી મેદાનમાં ઉતર્યા છે જે જંગ દરે વખતે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ જામતી હતી પરંતુ આ વખતે ત્રિપાંખીયો જંગ જામશે. તમને જણાવી દઈએ કે, ઈસુદાન ગઢવી સાત વખત ધારાસભ્ય તરીકે જીતેલા પબુભા માણેકને પડકારશે. પબુભા માણેક ૧૯૯૦થી સતત દ્વારકા બેઠક પર જીતી રહ્યા છે. તેઓ અપક્ષ તરીકે પ્રથમ ત્રણવાર ચૂંટણી જીત્યા હતા, તેઓ ૨૦૦૭, ૨૦૧૨ અને ૨૦૧૭ની ચૂંટણીમાં વિજયી થયા હતા. આ પહેલાની સ્થિતિ પર નજર કરીએ તો આ બેઠક પર કોંગ્રેસનો દબદબો છે. અહીં કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો છે. તેઓ અપક્ષ તરીકે પ્રથમ ત્રણ ચૂંટણી જીત્યા હતા તો ત્યારબાદ ૨૦૦૨માં પંજાના નિશાન પર ચૂંટણી જીત્યા હતા તેમજ ત્યારબાદ પબુભા માણેક પક્ષ પલટો કરીને ભાજપમાં જોડાયા હતા અને જેઓ વર્ષ ૨૦૦૭, ૨૦૧૨ અને ૨૦૧૭ની ચૂંટણીમાં વિજયી થયા દ્વારકા બેઠક પર પબુભાએ ચૂંટણીલક્ષી તૈયારીઓ પણ આરંભી દીધી છે. ચૂંટણી જીત માટે તેમણે રણનીતિ પણ ઘડવાની શરૂ કરી દીધી છે. આ મારી છેલ્લી ચૂંટણી છે, કારણ કે, ભાજપમાં અમુક નીતિ નિયમો છે અને જેના પાલન માટે મને લાગી રહ્યું છે કે, આગામી ચૂંટણીમાં તેમાં હું ફિટ બેસુ એમ મને લાગતું નથી.

# ભાજપમાંથી આપમાં ગયેલા રાજભા ઝાલાની ઘરવાપસી



ગાંધીનગર,તા.૧૧

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના ૧૭ વર્ષ સુધી રાઈટ હેન્ડ રહેલાં અને ભાજપ શાસિત રાજકોટ મ્યુનિશિપલ કોર્પોરેશનના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજભા ઝાલા ભાજપ થોડા સમય પહેલા ભાજપનો સાથ છોડીને આપ સાથે જોડાણ કર્યુ હતું. ત્યારે ચૂંટણી સમયે જ રાજભા ઝાલાએ ભાજપમાં ઘર વાપસી કરી છે. ચૂંટણી પહેલા હજી કેટલાક લોકોની ઘરવાપસીનો દોર ચાલુ છે. ત્યારે થોડા સમય પહેલા જ ભાજપમાંથી આમ આદમી પાર્ટીના શરણે ગયેલા રાજભા ઝાલાની ભાજપમાં ઘર વાપસી થઈ છે. રાજભા ઝાલા રાજકોટ મનપામાં સ્થાઈ સમિતિના સભ્ય રહી ચુક્યા છે. ફરીથી તેઓ કમલમ ખાતે આપનો સાથ છોડીને ભાજપમાં જોડાયા છે. ભાજપમાં જોડાયા બાદ રાજભા ઝાલાએ કહ્યું કે, મારાં માટે ખુબ આનંદનો દિવસ છે. હું ૧૮ વર્ષથી ભજપમાં જોડાયેલો છું. સંજોગો એવા નિર્માણ થયાં હતા કે મે ભાજપ છોડ્યું હતું. મેં આપ પાર્ટી જોઈન કરી ત્યારે ગુજરાતમાં આપનું કોઈ અસ્તિત્વ ન હતું. રાજકોટ શહેરમાં આપની ઓળખ વ્યક્તિગત મારી ઓળખથી ઉભી કરી. ત્યારે આપે મને ત્રણ જિલ્લાના સંગઠનની જવાબદારી સોંપી હતી. આગામી વિધાનસભાની તૈયારી કરવા મને કહેવાયું હતું.

# સૌથી ચર્ચાસ્પદ ગોંડલ બેઠક પર જામશે ચતુષ્કોણીય જંગ

## એનસીપીના ઉમેદવાર તરીકે રેશમા પટેલ લડશે

રાજકોટ, તા.૧૧


રાજકીય પક્ષો દ્વારા તબક્કાવાર રીતે ઉમેદવારોની જાહેર કરવામાં આવી રહી છે. આ સાથે જ કેટલીક બેઠકો હાઈપ્રોફાઈલ બની છે તો કેટલીક બેઠકો પર નામ જાહેર થવાની સાથે જ ખરાખરીનો જંગ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન સૌરાષ્ટ્રની સૌથી ચર્ચાસ્પદ ગોંડલ બેઠક પર વધુ રસપ્રદ બની છે. અહીં ચતુષ્કોણીય જંગ જામશે. હવે જોવાનું રહેશે કે ચારેય ઉમેદવારો વચ્ચે એડીચોંટીના જોર વચ્ચે કોણ મેદાન મારી જશે. ગોંડલની બેઠક પર એનસીપીએ પણ પોતાના ઉમેદવાર ઉતાર્યા છે. એનસીપીના ઉમેદવાર તરીકે રેશમા પટેલ ગોંડલથી ચૂંટણી લડશે. બીજી બાજુ, આ બેઠક પર ભાજપના ઉમેદવાર ગીતાબા જાડેજા છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર યતિષ દેસાઈ છે. ગુજરાતમાં ત્રીજા મોરચા તરીકે મેદાને કૂદેલી આમ આદમી પાર્ટીના ઉમેદવાર નિમિષાબેન ખૂટ છે. ગોંડલ બેઠક પર એનસીપી અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર સામે આવતાં જ આ બેઠક વધુ ચર્ચાસ્પદ બની છે. ભાજપે પ્રથમ યાદીમાં પહેલા તબક્કાના ૮૩ જયારે બીજા તબક્કાના ૭૭ ઉમેદવારોને ભાજપે ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. ભાજપ દ્વારા જાહેર કરાયેલી યાદીમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, સૌરાષ્ટ્રમાં હવે જૂના જોગીઓનો દબદબો ખતમ થયો છે. સૌરાષ્ટ્રમાં ઘણા જૂના ચહેરાઓને ઘરે બેસાડી દેવામાં આવ્યા છે. ભાજપે હવે સૌરાષ્ટ્રમાં નવી પ્રણાલી શરૂ કરવાનો પ્રયાસ કરી મોટાભાગના યુવા ઉમેદવારોને સ્થાન આપ્યું છે. રાજકોટ શહેરની ચાર બેઠક સિનિયર નેતાની બાદબાકી કરવામાં આવી છે. ભાજપ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાયેલી યાદી મુજબ મોરબી દુર્ઘટનામાં તાત્કાલિક લોકોની મદદે આવેલી કાંતિ અમૃતિયાને ટિકિટ આપવામાં આવી છે. કારણ કે, જામનગર ઉત્તર બેઠક ઉપર હકુભાને પડતા મુકી રિવાબા જાડેજાને ટિકિટ આપવામાં આવી છે. રાજકોટ શહેરની ચાર બેઠકો પરથી સિનિયર નેતાની બાદબાકી કરી નવા ચહેરાને સ્થાન અપાયું છે.

# શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં રી-એન્ટ્રી માટેનો તખ્તો તૈયાર

## ૨૦૧૭માં શંકરસિંહ બાપુએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું હતું ત્યારે સાડા પાંચ વર્ષ બાદ ફરીથી બાપુ કોંગ્રેસમાં જોડાશે

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં ચૂંટણી પહેલા પક્ષપલટાની ઋતુ આવી છે. જેમાં અનેક નેતાઓ એક પાર્ટીમાંથી બીજી પાર્ટીમાં ઉછળકૂદ કરી રહ્યા છે. એવામાં હવે ૧૮૨ બેઠકો પર પાર્ટીઓ દ્વારા ઉમેદવારો જાહેર કરવામાં આવી રહ્યા છે. ત્યારે છેલ્લી ઘડીએ કોંગ્રેસ પાર્ટીમાં એક મોટા નેતાએ ફરીથી ઘરવાપસી કરી શકે છે. શંકરસિંહ વાઘેલા ફરી કોંગ્રેસમા જોડાઈ શકે છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં તેઓ જોડાશે. ફરી વાર ખડગેની હાજરીમાં શંકરસિંહની કોંગ્રેસમા જોડાવવાની ચર્ચાએ જોર પકડ્યું છે. તમને જણાવી દઈએ કે, કોંગ્રેસ કે શંકરસિંહ વાઘેલા તરફથી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી.



ગુજરાતની રાજનીતિના સમીકરણ બદલાય એવા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં વાપસીનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. પાપ્ત માહિતી અનુસાર, શંકરસિંહ બાપુ આવતીકાલે એટલે કે ૧૨ ઓક્ટોબરના રોજ કોંગ્રેસમાં જોડાશે. તેઓ કોંગ્રસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં કોંગ્રેસમાં જોડાશે.

જોકે, થોડા સમયથી શંકરસિંહ બાપુ પોતે કોંગ્રેસમાં પાછા આવી રહ્યા છે તેવી વાતો અવારનવાર મીડિયામાં આવતી હતી અને શંકરસિંહે પણ કહ્યું હતું કે, મારી હાઈકમાન્ડ સાથે વાત ચાલી રહી છે. સુત્રો દ્વારા પાપ્ત માહિતી અનુસાર બાપુની કોંગ્રેસમાં એન્ટ્રી પર હાઈકમાન્ડ પણ માની ગયું છે, દિલ્હી હાઈકમાન્ડથી નિર્ણય લેવાયો હોય તેવું કહેવાય છે.

પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના પૂર્વ પ્રમુખ શંકરસિંહ વાઘેલા સાડા પાંચ વર્ષ બાદ ફરી કોંગ્રેસનો ખેસ ધારણ કરી શકે છે. તેઓ ૧૨ નવેમ્બરે કોંગ્રેસમાં પ્રવેશ કરે તેવા સમાચાર સૂત્રો દ્વારા મળ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૨૧ જુલાઈ ૨૦૧૭ના રોજ શંકરસિંહ બાપુએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું હતું. તેના સાડા પાંચ વર્ષ બાદ ફરીથી બાપુ કોંગ્રેસમાં જોડાશે. જો શંકરસિંહ બાપુ કોંગ્રેસમાં જોડાય તો ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં પ્રાણ પુરાય તેવી શક્યતા છે. જોકે, શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમા રી-એન્ટ્રીને લઈને હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# હાર્દિક પટેલને ટિકિટ મળ્યા પછી અલ્પેશ ઠાકોરની આશાઓ વધી

## ભાજપે જાહેર કરેલા પહેલા લિસ્ટમાં મોટી સંખ્યામાં પાટીદાર અને ઠાકોર ઉમેદવારોનો સમાવેશ થાય છે

અમદાવાદ, તા.૧૧

ભાજપે ૧૬૦ બેઠકો ગુરુવારે જાહેર કરી દીધી છે જેમાં યુવાન અને ભણેલા ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે, પરંતુ તેમાં ક્યાંય અલ્પેશ ઠાકોરનું નામ નથી. સમાજસવકથી નેતા બનેલા અલ્પેશ ઠાકોરને હજુ પણ આશા હશે કે તેમને ટિકિટ મળશે. તેમના જૂના સાથી અને કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા પાટીદાર આંદોલનમાંથી જન્મેલા હાર્દિક પટેલને પણ તેમના જ વિરમગામ વિસ્તારની ટિકિટ મળી ગઈ છે. ભાજપે જાહેર કરેલા પહેલા લિસ્ટમાં મોટી સંખ્યામાં પાટીદાર અને ઠાકોર ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ વખતે ઉચ્ચ અભ્યાસ ધરાવતા ઉમેદવારોની પણ સંખ્યા વધુ છે. ગઈકાલની યાદીને જોતા હજુ ભાજપ મનોમંથન બાદ અલ્પેશ ઠાકોર અંગે કોઈ નિર્ણય લઈ શકે છે. સત્તા પક્ષના સૂત્રો જણાવે છે કે અલ્પેશનું નામ ગાંધીનગર દક્ષિણ અથવા રાધનપુરથી જાહેર કરવામાં આવી શકે છે. હજુ ભાજપે આ બે બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી નથી. અલ્પેશ ઠાકોરના વિરોધમાં ગાંધીનગરમાં પોસ્ટર પણ લાગ્યા હતા જેમાં તેમને ગાંધીનગર દક્ષિણ બેઠકના બદલે રાધનપુરમાં જ રહેવાની સલાહ આપવામાં આવી છે. આ સાથે તેમને આયાતી ઉમેદવાર પણ ગણાવી દીધા હતા. હાલ ગાંધીનગર દક્ષિણ બેઠક પર ભાજપનો કબજો છે અને આ બેઠક પરથી ૨૦૧૨ અને ૨૦૧૭માં શંભુજી ઠાકોર ચૂંટણી જીત્યા છે. આમ આદમી પાર્ટીએ આ વર્ષે આ બેઠક પરથી દોલત પટેલને ઉતાર્યા છે. અલ્પેશ ઠાકોર OBC મતો પર પ્રભૂત્વ ધરાવે છે અને તેઓ સમાજના ઉત્થાન સાથે જોડાયેલા હોવાથી તેઓએ રાજકારણમાં એન્ટ્રી કરી સફળતા હાંસલ કરી હતી. તેઓ ઓક્ટોબર ૨૦૧૭માં કોંગ્રેસમાં જોડાયા હતા અને તેમને રાધનપુર બેઠકની ટિકિટ આપવામાં આવી હતી, તેઓ આ બેઠક પરથી વિજય મેળવ્યો હતો. તેમણે આ પછી પણ સમાજમાં થતા અન્યાય સામે પોતાનો અવાજ ઉઠાવવાનું ચાલું જ રાખ્યું હતું. અલ્પેશ ઠાકોર ૨૦૧૯માં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા, આ બેઠક પરથી યોજાયેલી પેટાચૂંટણીમાં તેઓ નજીવી સરસાઈથી હારી ગયા હતા. પોતાની જીતેલી બેઠક ગુમાવ્યા બાદ ફરી તેના પર કબજો કરવા માટે અલ્પેશ ઠાકોર આતુર હશે, પરંતુ હજુ સુધી એ નક્કી થયું નથી કે તેમને ટિકિટ આપવામાં આવશે નહીં. ભાજપે પહેલી વિધાનસભા ચૂંટણીની ઉમેદવારોની યાદી જાહેર કરી છે તેમાં સૌથી વધુ ૪૦ પટેલ ઉમેદવારો છે, જ્યારે બીજા નંબરે ક્ષત્રિય ૧૯ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. બ્રાહ્મણ ઉમેદવારોની સંખ્યા ૧૩ છે.

### જમીનદોસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અંતે વિજબીલમાં નોંધપાત્ર બચત થઈ રહી હોવાનુ પણ તંત્રએ કબુલ્યુ છે પરંતુ સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ નાંખવા માટે પણ તબક્કાવાર કામગીરી થવી જોઈએ તેવી વારંવાર માંગ ઉઠવા પામે છે. શહેરમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટના થાંભલાનો ઉપયોગ જાહેરાત માટે થાય છે. થાંભલા પર બેનર્સ તેમજ પેમ્ફલેટસ ચિપકાવી દેવામાં આવે છે. જેની સામે પણ કોઈ પગલા લેવાતા નથી. શહેરમાં એક અંદાજ મુજબ ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. જયારે સેકટરોમાં ઘણાં થાંભલાઓ ખુલ્લા અને જોખમી હાલતમાં હોવાની પણ ફરિયાદો ઉઠવા પામે છે. ત્યારે સેકટરોમાં દાયકાઓ જુના થાંભલાનો સર્વે હાથ ધરી જરૂર જણાંય તો નવા પોલ્સ નાંખવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. જુના અને કટાયેલા થાંભલા ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવા જોખમી સંજાગોને ડામવા માટે પણ સર્વે હાથ ધરવો અનિવાર્ય છે. શહેરમાં કલેકટર કચેરીના ગેટ પાસે જ આજે લાઈટનો એક થાંભલો જમીનદોસ્ત થયો હતો જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. સેકટરોમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલાની સ્થિતિ ચકાસવા માટે એક અભ્યાસ હાથ ધરવો અનિવાર્ય છે. જેથી આ રીતે ગમે ત્યારે પોલ્સ જમીનદોસ્ત થતા અટકાવી શકાય શહેરની આસપાસના વિસ્તારમાં નવા પોલ્સ નાંખવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવે છે. ગિફટ સીટીને જોડતા માર્ગ ઉપર પણ નવા પોલ્સ નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે સ્માર્ટ સીટીના અનેકવિધ પ્રોજેકટો અન્વયે શહેરમાં માર્ગાને અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. ત્યારે સ્ટ્રીટ લાઈટના થાંભલાનુ પણ નવિનીકરણ કરવામાં આવે તે અનિવાર્ય છે. આવા સંજોગોમાં સરકારી કચેરીઓના સંકુલમાં અજવાળુ આપતા લાઈટના થાંભલા સંદર્ભે સમયાંતરે ચકાસણી થાય તે પણ અનિવાર્ય છે.

### દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચરાનું વ્યવસ્થાપન કરવા સંબંધમાં પોલ્યુશન કંટ્રોલ બોર્ડની મંજુરી મેળવવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. બોર્ડના અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરીને હકારાત્મક રિપોર્ટ આપવામાં આવ્યા બાદ આ સાઈટને કાર્યરત કરવા માટે આખરી મંજુરી આપી દેવામાં આવી છે. બીજી બાજુ કલોલ નગર પાલિકા વિસ્તારમાંથી નીકળતા દૈનિક કચરાના વ્યવસ્થાપન માટે નગર પાલિકા દ્વારા સાઈટની પસંદગી કરી લેવામાં આવી છે અને ત્યાં સાઈટ ખોલવા માટે પોલ્યુશન કંટ્રોલ બોર્ડની મંજુરી માંગવામાં આવી છે. નગર પાલિકા દ્વારા આગામી સમયની જરૂરતને ધ્યાનમાં રાખીને ૪૫ ટન કચરાનું પ્રતિદિન વ્યવસ્થાપન કરી શકાય તે પ્રકારે સાઈટ તૈયાર કરવાની દરખાસ્ત છે . આ મામલે આગામી દિવસોમાં સ્થળ તપાસ બાદ મંજુરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે .જયારે હાલની સેકટર ૩૦ નજીક આવેલી સાઈટ બંધ કરીને નવી સાઈટ ખોલવા માટે કોલવડા, માધવગઢ સહિતના સ્થળે જમીન પસંદ કરી હતી જો કે સ્થાનિકોમાં પ્રબળ વિરોધ પણ ઉઠવા પામ્યો હતો પેથાપુર નજીક જમીન ફાળવવામાં આવી હતી પરંતુ હજુ ઠેકાણા પડ્યા નથી

### ફોર્મ ભર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લાની ૩૪- દહેગામ, ૩૫- ગાંધીનગર(દ), ૩૬- ગાંધીનગર, ૩૭- માણસા અને ૩૮- કલોલ વિધાનસભા મતદાર વિભાગમાં ઉમેદવારી પત્રના વિતરણના બીજા દિવસે બપોરના ૩.૦૦ કલાક સુધીમાં કુલ- ૧૪૦ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું છે. જેમાં દહેગામ વિધાનસભા મતવિભાગમાં કુલ- ૨૬, ગાંધીનગર(દ) વિધાનસભા મતવિભાગમાં કુલ- ૨૪, ગાંધીનગર(ઉ) વિધાનસભા મતવિભાગમાં ૩૦, માણસા વિધાનસભા મતવિભાગમાં કુલ- ૩૫ અને કલોલ વિધાનસભા મતવિભાગમાં ૨૫ ઉમેદવારી પત્રોનું વિતરણ બે દિવસમાં થયું છે. ગાંધીનગર(ઉ)માં એક અપક્ષ ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવી છે.

ઉમેદવારી પત્ર વિતરણના બીજો દિવસે દહેગામ વિધાનસભા મતવિભાગમાં ૧૦, ગાંધીનગર(દ) વિધાનસભા મતવિભાગમાં ૯, ગાંધીનગર(ઉ) વિધાનસભા મતવિભાગમાં ૧૨, માણસા વિધાનસભા મતવિભાગમાં ૧૧ અને કલોલ વિધાનસભા મતવિભાગમાં ૧૩ મળી કુલ ૫૫ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું છે.

### આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. ૧૮ મેના રોજ સુપ્રીમ કોર્ટે પેરારીવલનને જેલમાં તેમના સારા વર્તન માટે મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ એલ નાગેશ્વરની બેંચે કલમ ૧૪૨નો ઉપયોગ કરીને આ આદેશ આપ્યો હતો.

### માવઠું થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પશ્ચિમ દિશામાં તમિલનાડૂ તટ તરફ આગળ વધવાની સંભાવના છે. એક ટ્રૂક રેખા બંગાળની મધ્ય ખાડીમાં બંગાળની ખાડીના દક્ષિણ પશ્ચિમમાં ઓછું પ્રેશરવાળા ક્ષેત્ર સાથે જોડાયેલ ચક્રવાતી પરિસંચરણ સુધી સરેરાશ સમુદ્ર તળથી ૪.૫ કિમી ઉપર ફેલાયેલું છે. આગામી ૨૪ કલાક દરમિયાન, તટીય આંધ્ર પ્રદેશ અને તમિલનાડૂમાં હળવાથી મધ્યમ વરસાદની સાથે અમુક સ્થાન પર ભારે વરસાદ થવાની સંભાવના છે. રાયલસીમા અને કેરલમાં એક અથવા બે સ્થાન પર હળવાથી મધ્યમ વરસાદ થઈ શકશે. દક્ષિણ આંતરિક કર્ણાટક અને અંડમાન અને નિકોબાર દ્વિપ સમૂહમાં હળવા વરસાદની સાથે એક અથવા બે જગ્યા પર મધ્યમ વરસાદ થઈ શકે છે.